જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૨/૨૦૨૧ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૨૨૨ | ૨ | ૧૧૨૨૪ | ૧૭૩૫૩ | ૨ | ૧૭૩૫૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૨ | ૦ | ૪૭૦૨ | ૬૨૨૫ | ૦ | ૬૨૨૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૬ | ૧ | ૬૭ | ૨૬૬ | ૦ | ૨૬૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૮૮૧૨ | ૫ | ૨૮૮૧૭ | ૩૦૦૮૩ | ૧૬ | ૩૦૦૯૯ |
| કુલ | | ૪૪૮૦૨ | ૮ | ૪૪૮૧૦ | ૫૩૯૨૭ | ૧૮ | ૫૩૯૪૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૧ | ૧૨,૬૮,૧૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૫૫ | ૬,૫૫,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૦૧૭/૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧ મુજબના પ્રોહીબીશન સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૮૮/૨૦૨૧ તા.૦૧/૦૨/૨૦૨૧ ના હુકમ આધારે તા.૦૨/૦૨/૨૦૨૧ ના કલાકઃ૧૭/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## આરોપીનું નામઃ-

પ્રિન્સકુમાર સ/ઓ રવિશંકર પુતાનલાલ જાતે.સવિતા (વાળંદ) ઉ.વ.૩૫ રહે.બી/૯૬,લાભાર્થ સોસાયટી ધરતી ટેનામેન્ટની સામે ઠક્કરનગર અમદાવાદ શહેર મુળ વતન.ગામ.લાલગંજ તા.જી.કાનપુર ઉત્તરપ્રદેશ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા પો.સ.ઇ. શ્રી જે.બી.ચૌહાણ તથા એ.એસ.આઇ. રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો.શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦

**આરોપીનો ફોટો**



## વટવા પોલીસ સ્ટેશન

## પ્રોહીબીશન સબંધી આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે. દાખલ થયેલ પ્રોહીબીશન ગુના વટવા પો.સ્ટે. પાર્ટ-સી ગુરનં. ૧૧૧૯૧૦૩૮૨૦૦૫૫૫/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ- ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાના આરોપી જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુ જશુભાઈ ચુનારા ઉવ.૩૪ રહે- ચુનારાવાસ બસ સ્ટેશનની સામે, ગામ-કઠવાડા તા.જી.ખેડા નાઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ કચેરીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૨૦૩/૨૦૨૧ તા.૦૩/૦૨/૨૦૨૧ ના રોજ મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતેનો પાસા હુકમ કરેલ હોય સદરી આરોપીને વટવા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પકડી લાવતા સદરી આરોપીનો સૌપ્રથમ કોવીડ-૧૯ નો રિપોર્ટ કરવા સારુ સીવીલ હોસ્પિટલ મોકલી આપેલ અને રિપોર્ટ આવેલ નહી ત્યાં સુધી આરોપીને પો.સ્ટે. ખાતે ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ સદરી આરોપનો કોવીડ-૧૯ નો રિપોર્ટ નેગેટીવ આવતા તા.૦૩/૦૨/૨૦૨૧ ના કલાક ૨૧/૩૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## એલીસબ્રીજ પોલીસ સ્ટેશન

મહે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-01 અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-07 અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી તેમજ માર્ગદર્શન મુજબ એલીસબ્રીજ પો.સ્ટે.પાર્ટ બી ૧૧૧૯૧૦૧૪૨૦૦૧૭૦ /૨૦૨૦ ઇ.પી.કો. કલમ – ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ તથા સરખેજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૨૯/૧૯ ઇ.પી.કો. કલમ - ૩૬૫,૩૮૫,૧૪૩,૧૪૭,૧૪૯,૩૨૩,૫૦૭,૨૯૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના આરોપી જીતેન્દ્ર કિશનભાઇ સોલંકી ઉ.વ 40 રહે 10 બી સૌરાષ્ટ્ર સોસાયટી ભુદરપુરા રોડ એલીસબ્રીજ આંબાવાડી અમદાવાદ શહેર નાની મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એચ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓની કચેરીના હુકમ ક્રમાંક : એચડી.ડીવી./હદપ/01/2021 તા.28/01/2021 આધારે અમદાવાદ શહેર અમદાવાદ ગ્રામ્ય ખેડા મહેસાણા ગાંધીનગર જીલ્લાઓ માથી બે વર્ષ માટે તડીપાર કરવા અંગે હુકમ થયેલ હોય જે તડીપાર હુકમની બજવણી કરી આરોપીને સૌરાષ્ટ્ર સોસાયટી ગામ - બાજવા તા: વડોદરા જી - વડોદરા ખાતે રહેવા સારૂ જવુ હોય જેથી આરોપીને જરૂરી જાપ્તા સાથે તા: 03/02/2021 ના રોજ મોકલી આપી સારી કામગીરી કરેલ છે.

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

પોલીસ ઇન્સપેક્ટર શ્રી એસ.એન.ચૌધરી તથા પો.કોન્સ સબીર મહમદરફીક તથા હે.કોન્સ પ્રભાતસિહ વખતસિહ તથા પો.કોન્સ કુલદિપસિહ અજીતસિહ



## પી.સીબી

## રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાથી નાણાની હારજીતનો જુગાર રમતા ૧૨ ઈસમોને કુલ્લે ૭૬,૯૧૦/ રુપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરેલ જે આધારે પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૪.૨.૨૦૨૧ ના રોજ સ્ટાફના મસઈ જશવંતસિહ બળદેવસિંહ, અહેકો મનોજભાઇ વિઠ્ઠલભાઇ, અહેકો રાજેન્દ્રસિહ જીવતસિહ, અપોકો પ્રિયવદન જયંતીલાલ તથા અપોકો વિજયસિંહ પૃથ્વીસિંહ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન અપોકો પ્રિયવદન જયંતીલાલ તથા અપોકો વિજયસિંહ પૃથ્વીસિંહ નાઓને સંયુક્તરીતે મળેલ બાતમી હકીક્ત આધારે ને.હા નં ૮ ઉપર આવેલ અરવીંદ એસ્ટેટની પાસે આવેલ સી.ટી.એમ કડીયા નાકા ગોપાલ ટી સ્ટોલ પાસે ઓટલા ઉપર જાહેરમા પ્રાણી પક્ષી વસ્તુઓનો બેનર ચાર્ટ રાખી જે ચાર્ટ માના પ્રાણી પક્ષી અને વસ્તુઓની કુપન રાખી ચાર્ટ ઉપર નાણાની હારજીતનો જુગાર રમી રમાડતા આરોપી દીલીપ ઉર્ફે દીપક ખેમાભાઇ પરમાર ઉ.વ ૩૭ રહે જક્શી રબારીની ચાલી, જોગેશ્વરી રોડ, બાગે ફીરદોશ પોલીસ લાઇન પાસે, અમરાઇવાડી અમદાવાદ શહેર તેમજ અન્ય ૧૧ મળી કુલ ૧૨ આરોપીઓને રોકડા રુપિયા ૩૩,૯૧૦/ તથા અન્ય જુગારના સાધનો મળી કુલ્લે રુપિયા ૭૬,૯૧૦/ ના મુદામાલ સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી રામોલ પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૨૪૨૧૦૨૧૯/૨૦૨૧ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

## પકડાયેલ આરોપીઓ :

(૧) દીલીપ ઉર્ફે દીપક ખેમાભાઇ પરમાર ઉ.વ ૩૭ રહે જક્શી રબારીની ચાલી જોગેશ્વરી રોડ બાગે ફીરદોશ પોલીસ લાઇન પાસે અમરાઇવાડી અમદાવાદ (૨) રવીભાઈ કમલેશભાઈ પરમાર ઉ.વ.૨૩ રહે.સોમનાથ એપાર્ટમેટ ગોપી ડેરી ની બાજુમા વસ્ત્રાલ અમદાવાદ (૩) જયમીન જયેશભાઈ પટેલ ઉ.વ.૨૪ રહે.બી/૧૪ રાજેશ પાર્ક સોસાયટી સીટીએમ અમરાઇવાડી અમદાવાદ (૪) રાકેશભાઈ ભીમજી આહીરે ઉ.વ.૨૫ રહે.રબારી કોલોની સીટીએમ અમરાઇવાડી અમદાવાદ (૫) ભીખાભાઈ પોપટભાઇ સથવારા ઉ.વ.૪૨ રહે.પ્રીતીપાર્ક સોસાયટી વિરાટનગર ઓઢવ અમદાવાદ (૬) મોહનભાઈ વસંતભાઇ કોશ્ટી ઉ.વ.૫૧ રહે.રાધા કીશન ની ચાલી વિભાગ/૧ હાટકેશ્વર અમરાઇવાડી અમદાવાદ (૭) ભરતભાઈ ધનાભાઇ પરમાર ઉ.વ.૪૩ રહે.જક્શી રબારી ની ચાલી બાગે ફીરદોશ પોલીસ લાઇન ની બાજુમા અમરાઇવાડી અમદાવાદ (૮) દીલીપસિંહ પોપટસિંહ જાતે વાઘેલા ઉ.વ.૫૩ રહે.દરબાર વાસ રામજી મંદીર ની બાજુમા વસ્ત્રાલ ગામ

(૯) શૈલેશ બાબુભાઇ ખારવા ઉ.વ.૩૫ રહે. ગોકુલનગર સુરેલિયા એસ્ટેટની બાજુમા સી.ટી.એમ અમરાઇવાડી અમદાવાદ (૧૦) શૈલેશભાઇ મુન્નાભાઇ જાતે પીલ્લે ઉ.વ.૩૨ રહે.મ.નં ઇ/૨૦૬ મહાદેવ એવન્યુ યમુના પાર્ક ની પાસે વસ્ત્રાલ અમદાવાદ (૧૧) દીલીપ રામચંદ્ર અહારી ઉ.વ.૨૩ રહે. વિક્રમભાઇ રબારી ના મકાન મા રબારી કોલોની ગેટ નં ૪ પાસે સી.ટી.એમ અમરાઇવાડી અમદાવાદ (૧૨) મુકેશભાઇ સવજીભાઇ ભીલ ઉ.વ.૪૦ રહે. જામફળ વાડી ચાલી સી.ટી.એમ અમરાઇવાડી અમદાવાદ

## ગુનાની જગ્યા :

ને.હા નં ૮ ઉપર આવેલ અરવીંદ એસ્ટેટની પાસે આવેલ સી.ટી.એમ કડીયાનાકા ગોપાલ ટી સ્ટોલ પાસે ઓટલા ઉપર જાહેરમા

## પકડાયેલ મુદામાલ :

(૧) રોકડા નાણા રૂ.૩૩૯૧૦/ (૨) મોબાઇલ ફોન નંગ ૦૭ કિ.રૂ.૪૩૦૦૦/ (૩) લાલ કલરનુ કપડુ નંગ ૦૧ કિ.રૂ.૦૦/૦૦ (૪) પ્લાસ્ટીકનો ચીત્રો વાળો ચાર્ટ કિ.રૂ ૦૦/૦૦ (૫) સ્ટીકરો લાગેલ કાગળનો એક ગુલાબી રંગ નો ચાર્ટ જેની કિ.રૂ ૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૭૬૯૧૦/- નો મુદામાલ






**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૨૯૭ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૧૯ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૮/૨૦૨૧**

**વાસણાઃ** નૈનેશભાઇ રમણલાલ પરીખ (ઉ.વ.૬૦)(રહે.સીલ્વર સાઇન એપાર્ટમેન્ટ એલ.આઇ.સી. બિલ્ડીંગ કેસરીયાજી ચાર રસ્તા પાસે વાસણા) એ તા.૦૩/૦૨/૨૦૨૧ નારોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૪/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૮૫૦૯૦૬૮૨૬૧ ના ધારકે દિપક શર્મા નામ જણાવી પોતે PAYTM ના મેનેજર હોવાની ઓળખ આપી નૈનેશભાઇને વિશ્વાસમાં લઇ નૈનેશભાઇને જણાવેલ કે "તમારા PAYTM એકાઉન્ટ મા KYC અપડેટ કરો નહીતર PAYTM એકાઉન્ટ બંધ થઈ જશે" તેમ કહી નૈનેશભાઇ પાસે આધારકાર્ડની માહીતી માંગી નેટ બેંકીંગથી PAYTM માં રૂપિયા ૧૦ નું રીચાર્જ કરાવી તે આધારે ICICI બેંકના એકાઉન્ટમાંથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૩,૭૪,૦૦૦/- ઉપાડી લઈ, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.એમ.મહેતા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી